# પડતર પ્રશ્નો અંગે પ્રાથમિક શિક્ષકોના ધરણા

ગાંધીનગર, તા.૫

રાજયભરની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોના તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ પડતર પ્રશ્નોને અંગે નિવડો લાવવામાં આવ્યો નથી. રાજય સરકાર દ્વારા નવી પેન્શન સાતમાં પગાર પંચ વચ્ચેની વસંગતાઓના કારણે શિક્ષકોને મળતા લાભોથી વંચિત રહેવું પડે છે જેથી આ માન્ય રાખવામાં આવે તેમજ મુખ્ય શિક્ષકના આરઆર નક્કી કરવામાં આવે, સહિતની મુખ્ય માંગણીઓને શિક્ષકોએ ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો. આ ધરણાના કાર્યક્રમમાં રાજયભરમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા બે હજારથી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નો અને માંગણીઓનો ઝડપી નિકાલ થાય તે માટે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના હોદેદારોએ રાજયના મુખ્યમંત્રી અને મહામહિમ રાજયપાલને મળીને આવેદન પત્ર આપી પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે તે માટે ઉગ્ર રજુઆત કરી હતી.પડતર પ્રશ્નો અંગે ઝડપી નિરાકરણ નહી આવે તો આગામી તા.૫ ઓકટોબરના રોજ વિશ્વ શિક્ષક દિને દિલ્હી જંતરમંતર ખાતે ધરણા યોજીને રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવશે.




પડતર પ્રશ્નોની છેલ્લા કેટલાક સમયથી અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રાજય સરકારમાં વારંવાર રજુઆતો કરવામાં આવી છે. પરંતુ સરકારના બહેરા કાને શિક્ષકોની રજુઆતો સંભળાતી નથી. સરકારી પધ્ધતિ દાખલ કરવામાં આવી છે,જેથી શિક્ષકોને ભારે નુકશાન વેઠવુ પડે તેમ છે. જેને પગલે જુની પેન્શન પધ્ધતિ દાખલ કરવામાં આવે, રાષ્ટ્રીય અને રાજય કક્ષાએ પ્રાથમિક શિક્ષણ આયોગની રચના કરવી, છઠ્ઠા અને વિસંગતાઓ દુર કરવી. ફિકસ પગાર પધ્ધતિ નાબુદ કરવી, શિક્ષણ સિવાયની કામગીરીથી શિક્ષકોને દુર રાખવા, બઢતી ઈચ્છતા એચ ટાટ પાસ વિદ્યાસહાયકોને પાંચ વર્ષનો અનુભવ હોય તેવા વિદ્યાસહાયકોને બઢતીમાં પગલે આજે શિક્ષકદિન નિમિતે ગાંધીનગર શહેરની સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બપોરે ૧૨ થી ૫ કલાક સુધી અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના

# શહેરની સિવિલ હોસ્પિટલ સિઝનલ ફલુના દર્દીઓથી ઉભરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ વકરી રહ્યો હતો. પરંતુ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તેને કાબુમાં કરી દેવાયો હોય તેવું લાગી રહ્યું છે. અત્યારે હાલના સમયે સ્વાઈન ફલુ તૈયાર કરાયેલા બે વોર્ડમાં માત્ર ગણ્યાં-ગાંઠ્યા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. પરંતુ ભેજવાળી આબોહવાને પગલે સિઝનલ ફલુના દર્દીઓ મોટીમાત્રામાં દેખાઈ રહ્યા છે. જેમાં ઝાડા-ઉલ્ટી, શરદી-ખાંસી, તાવ, શરીર તુટવું, માથું દુખવું સહિતના દર્દીઓનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના દર્દીઓએ દેખા દેતા તંત્ર હરકતમાં આવી ગયું હતું. જિલ્લામાં સ્વાઈન ફલુએ કહેર મચાવ્યો હતો. જેને પગલે સિવિલ તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું



અને તાત્કાલીક બે વોર્ડ સ્વાઈન ફલુના ઉભા કરાયા હતા અને દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. જયારે એક વોર્ડ સસ્પેકટેડ વોર્ડ બનાવાયો હતો. ઉપરાંત સ્પેશીયલ સ્વાઈન ફલુ ઓપીડી પણ શરુ કરાઈ છે.જેમાં રોજના અંદાજીત ૨૦૦થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવે છે. પરંતુ છેલ્લા બે દિવસથી સિઝનલ ફલુના દર્દીઓ વધી રહ્યા છે. જયારે સ્વાઈન ફલુ વોર્ડ અને સસ્પેકટેડ વોર્ડના થઈ ને કુલ ૧૪ દર્દીઓ સારવાર મેળવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે બાકીના દર્દીઓને આરામ થતા રજા આપવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે અત્યારે હાલના સમયે સ્વાઈન ફલુના દર્દીઓ ઓછા નોંધાતા આરોગ્ય તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. જયારે સિઝનલ ફલુના દર્દીઓ સારવાર માટે આવે છે પરંતુ તાવ, શરદી-ખાંસી અને ઝાડા-ઉલ્ટી,તાવ, શરીર તુટવું, માથું દુખવું સહિતના દર્દીઓ આવી રહ્યા છે જે સમયસર સારવાર મેળવી સ્વસ્થ બનીને ઘરે પરત ફરે છે.

## જાહેર નિવિદા

ગાંધીનગર મહાનગરપાલિકા સૂચિત 'પબ્લિક હેલ્થ બાયલોઝ-૨૦૧૭'ને તા. ૧૯/૮/૨૦૧૭ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભાની મંજુરી મળતા જાહેર જનતા પાસેથી વાંધા સૂચનો એક માસમાં મંગાવવામાં આવે છે. સૂચિત પબ્લિક હેલ્થ બાયલોઝ-૨૦૧૭ની નકલ અત્રેની વૉર્ડ કચેરીની ઓફીસો તથા કમિશન કચેરી, પ્રથમ માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર તથા મ્યુનિસિપલ સેક્રેટરી કચેરી, ચોથો માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરના નોટીસ બોર્ડ ઉપર કચેરી સમયે જાહેર જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

| વોર્ડ નં. | વોર્ડ કચેરીનું સરનામું |
|---|---|
| ૧ | બ્લોક નં. ૮૩/૨, 'છ' ટાઈપ, સેક્ટર-૨૮ |
| ૨ | બ્લોક નં. ૧૦૮/૬, 'જ' ટાઈપ, સેક્ટર-૨૯ |
| ૩ | બ્લોક નં. ૬૬/૧, 'જ' ટાઈપ, સેક્ટર-૨૧ |
| ૪ | બ્લોક નં. ૩૮૩/૧૧, 'જ' ટાઈપ, સેક્ટર-૨૩ |
| ૫ | બ્લોક નં. ૫૩૬/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૧૬ |
| ૬ | બ્લોક નં. ૧૬૭/૩, 'જ' ટાઈપ, સેક્ટર-૭ |
| ૭ | બ્લોક નં. ૬૬/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૬ |
| ૮ | બ્લોક નં. ૮૫/૪, 'જ' ટાઈપ, સેક્ટર-૧૨ |

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૪/૯/૨૦૧૭
માહિતી/૧૫૨૯/૧૭-૧૮

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

# બ્રહ્મ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૫

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા બ્રહ્મ સમાજના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહીત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન તા.૧-૧૦-૨૦૧૭ ને રવિવારના રોજ ટાઉનહોલ ખાતે સવારના ૮ થી ૧૨ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ફોર્મ ભર્યા હોય તેઓએ ટાઉનહોલ ખાતે સમયસર સવારે ૮ કલાકે હાજર રહેવા શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પીનાકીન રાવલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવધાન... સોશ્યલ મિડિયા પર જામ્યું છે "વિકાસયુદ્ધ"

ગાંધીનગર, તા. ૫

આઘા રહેજો... વિકાસ હવે ગાંડો થયો છે, જરા સાચવજો... વિકાસ હવે તોફાની બન્યો છે, સંભાળજો... વિકાસ હવે ભુરાયો થયો છે... આવા તો અનેક સંદેશા આજકાલ સોશ્યલ મિડિયા પર નેટીઝન્સ માટે ભારે કૌતુક ભર્યા બન્યાં છે. 'વિકાસ'ના નામે નરેન્દ્ર મોદી સહિત ભાજપ પર ચાબખા મારવા વપરાતા આ સંદેશાઓની ભરમાર સામે હવે 'વિકાસના જ નામથી જવાબ આપતા મેસેજીસ પણ ફરતાં થયા હોવાથી જાણે સોશ્યલ મિડિયા પર 'વિકાસ યુદ્ધ' છેડાયું હોય તેવો માહોલ સર્જાયો છે. વિપક્ષ દ્વારા 'વિકાસ'ના કટાક્ષને વિવિધ મુદ્દે રજૂ કરી સત્તા પક્ષની પોલ ખોલવાનો પ્રયાસ ચૂંટણી આવી રહ્યાનો અહેસાસ કરાવી રહ્યો છે. વિકાસના નામે ઠેકડી ઉડાડતા સંદેશા... આઘા રહેજો, વિકાસ હવે ગાંડો થયો છે.

- ભારતમાં પહેલીવાર નીડ, કમ્ફર્ટ અને લકઝરી ત્રણેય સરખી કિંમતે વેચાયા છે... ટામેટાં રૂ. ૭૦, પેટ્રોલ રૂ. ૭૦ અને બિયર પણ રૂ. ૭૦.
- ખેડૂત પાણી ચોર છે, વેપારી ટેક્ષ ચોર છે, કર્મચારી કામચોર છે અને ખાલી સરકાર જ હરિચંદ્રના દિકરાની..??
- રાત-દિવસ ૨૪ કલાકનો કરી કરવાવાળા પોલીસ અને એસઆરપીનો ૧૮૦૦ ગ્રેડ પે, ૧૧ થી ૫ નોકરી કરવાવાળા માસ્તર અને તલાટીને ૨૪૦૦ અને ૨૮૦૦ ગ્રેડ પે.
- વિકાસ ફુલ સ્પીડમાં આવતો હતો પરંતુ વચ્ચે જીએસટી આવી ગયું.
- કાર ઉપર ૬ ટકા જીએસટી, ટ્રેક્ટર પર ૧૨ ટકા જીએસટી, ખેડૂત હવે ટ્રેક્ટરના બદલે કારથી ખેતી કરે તો વાંધો નહી.




- ૧૦ દિવસમાં ૩ ટ્રેન દુર્ઘટના અને વિકાસ બુલેટ ટ્રેન દોડાવવાની વાત કરે છે.
- ૧૫ દિવસમાં કોઈ બંદોબસ્ત ના આવે તો એવુ લાગે છે કે ક્યાંક વિકાસ અટકી તો નથી ગયો ને ?
- સવાર પડે ને કોઈ વસ્તુનો ભાવ ના વડે તો ચિંતા થાય છે કે ક્યાંક વિકાસ અટકી નથી ગયો ને ?
- વિકાસનો જન્મ ૨૦૦૧માં થયો હતો, આજે એ ૧૭ વર્ષનો થયો હવે એ કોઈનું માનતો નથી...
- છેલ્લા અઠવાડિયામાં નવ છોકરીઓએ બ્રેકઅપ કર્યુ કારણ કે તેમના બોયફ્રેન્ડનું નામ વિકાસ હતુ.
- સબસીડીવાળા ગેસ સિલિન્ડરમાં દર મહિને ૭ રૂપિયાનો વિકાસ થશે.
- હવે તો ચૂંટણી ઢંઢેરામાં આ લોકો વિકાસ વિકાસ બોલશે તો મતદારો જોક્સ સમજી દાંત કાઢશે.

## 'વિકાસ'નો બચાવ પણ વિકસ્યો

વિકાસના નામે થઈ રહેલા પ્રહારનો જવાબ આપવા સંદેશા પણ વાઈરલ થવા લાગ્યાં છે.


- વિકાસ ભલે ગાંડો થયો પરંતુ તમારો રાહુલ ગાંધી ઢાંઢો થયો છે પહેલા તેની ચિંતા કરો...
- વિકાસ ગાંડો ના થયો હોત તો નોટબંધી ના થઈ હોત, ટ્રિપલ તલાક ના ગયો હોત, બાબા રામરહીમ જેલમાં ના ગયા હોત, કાશ્મિરમાં અલગતા વાદીઓ માથુ ઉંચકીને ફરતા હોત, ડોકલામ મુદ્દે સરકાર ચુપચાપ બેઠી હોત, યુપીમાં પરિવારવાદ ચાલતો હોત, આજી ડેમમાં પાણી ના હોત, જનધન યોજનામાં ગરીબોના બેંક એકાઉન્ટ ના ખૂલ્યા હોત, ગરીબોની સબસીડી હજુ પણ ચાઉ થતી હોત...
- વિકાસ ગાંડો થયો એટલે કાશ્મિરમાં ૩૭૦ની કલમ હટી જશે, રામ મંદિરનો મુદ્દો હલ થશે, પીઓકેમાં ભારતીય ધ્વજ લહેરાવશે....
- વિકાસની ઠેકડી ઉડાવનારા કહો કે ગામડામાં ૨૪ કલાક વીજળી આપતુ રાજય કયુ છે ?
- વિકાસનું આખુ નામ હવે સમજાણું... વિ...કા...સ... એટલે 'વિરોધીઓનો' 'કારણ વગરનો' 'સળવળાટ'

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

નર્મદા યોજનાથી ગુજરાતમાં
પ્રસરી ઘરે ઘરે સમૃદ્ધિ
મા નર્મદા મહોત્સવ યાત્રા... આવો, જોડાઈએ
તા.૬-૯-૨૦૧૭ થી તા.૧૫-૯-૨૦૧૭



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના
વરદ્હસ્તે સુરેન્દ્રનગર ખાતેથી
મા નર્મદા મહોત્સવ યાત્રાનો થશે પ્રારંભ
નર્મદા ડેમનાં બંધ થયા દરવાજા, ખુલ્યા ઉજ્જવળ ભવિષ્યનાં દ્વાર




માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના
વરદ્હસ્તે તા.૧૭-૯-૨૦૧૭ના રોજ
નર્મદા ડેમ રાષ્ટ્રને અર્પણ

૮૪ નર્મદા યાત્રાના રથ...
૨૪ જિલ્લા, ૭ શહેરો અને
૭૨૦૦થી વધુ ગામોમાં ફરશે

'નર્મદા યોજનાથી ગુજરાત બન્યું નંદનવન' - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત